


નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 104
Dt.: 18-02-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa


### ટ્રિબ્યુનલો માટે ચાર સપ્તાહમાં એક સમાન સુધાર યોજના રજૂ કરવા કેન્દ્રને આદેશ

# ટ્રિબ્યુનલો પ્રત્યે કેન્દ્રની નિષ્ક્રિયતા બાબતે સુપ્રીમે નારાજગી વ્યક્ત કરી

### કોર્ટએ કેન્દ્રને સૂચના આપી કે બંધારણ હેઠળ કે વિશિષ્ટ કાયદા હેઠળ રચાયેલા તમામ ટ્રિબ્યુનલ્સને આવરી લેતો એકરૂપ પ્રસ્તાવ લાવવામાં આવે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે અર્ધ-ન્યાયિક સંસ્થાઓના કામકાજ અને સંચાલનમાં આવી રહેલી મુશ્કેલીઓની નોંધ લીધી હતી અને કેન્દ્ર સરકારને દેશભરની તમામ ટ્રિબ્યુનલ્સના સુચારુ સંચાલન માટે ચાર અઠવાડિયામાં વ્યાપક અને એકરૂપ પ્રસ્તાવ રજૂ કરવાનો આદેશ આપ્યો.ચીફ જસ્ટિસ સુર્ય કાંત અને જસ્ટિસ સર્વશ્રી જોયમલ્યા બાગચી તથા જસ્ટિસ વિપુલ એમ પંચોલીની બેંચ લાંબા સમયથી ચાલતા મદ્રાસ બાર એસોસિયેશનના કેસની સુનાવણી કરી રહી હતી. આ કેસ ટ્રિબ્યુનલ્સની સ્વતંત્રતા અને માળખાકીય અખંડિતતા સાથે સંબંધિત છે. બેંચે ટ્રિબ્યુનલ્સમાં ઉભી થયેલી ખાલી જગ્યાઓની ગંભીર સમસ્યા અને સુવ્યવસ્થિત કાનૂની માળખાના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અવારનવાર આ કારણોસર ટ્રિબ્યુનલ્સ કાર્યરહિત સ્થિતિમાં પહોંચી જાય છે. ચીફ જસ્ટિસે એટર્ની જનરલ આર. વેંકટરમણને જણાવ્યું કે સરકારને અગાઉના ન્યાયિક આદેશોને અનુસરી કાર્યવાહી કરવી જ પડશે. “સંસ્થાઓ નિષ્ક્રિય ન બનવી જોઈએ,'' એમ તેમણે જણાવ્યું હતું. તેમણે આગળ કહ્યું હતું કે, “ચાર અઠવાડિયામાં તમામ ટ્રિબ્યુનલ્સને આવરી લેતો એકરૂપ પ્રસ્તાવ અમારી સમક્ષ લાવો. તમામ ટ્રિબ્યુનલ્સ માટે સર્વગ્રાહી યોજના રજૂ કરો. તમે નવો કાયદો લાવવા માંગો છો કે સુધારા કરવા માંગો છો તે સ્પષ્ટ કરો.''કોર્ટએ કેન્દ્રને સૂચના આપી કે બંધારણ હેઠળ કે વિશિષ્ટ કાયદા હેઠળ રચાયેલા તમામ ટ્રિબ્યુનલ્સને આવરી લેતો એકરૂપ પ્રસ્તાવ લાવવામાં આવે. સાથે જ સરકારનો રોડમૅપ શું છે?, નવો કાયદા લાવવાનો ઈરાદો છે કે વ્યાપક સુધારા કરવાનો? તે તમામ બાબતો પણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. એટર્ની જનરલે તાત્કાલિક ખાલી જગ્યાઓ ભરવા માટે વ્યાવહારિક અભિગમ સૂચવ્યો હતો. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે હાલના અધ્યક્ષોને નિવૃત્તિ વય સુધી અથવા નવી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી (જે પહેલું થાય તે મુજબ) કાર્ય કરવાની મંજૂરી આપવામાં આવશે.



### ટ્રમ્પના ડ્રીમ પ્રોજેક્ટને મોટો ઝટકા

## યુરોપમાંથી માત્ર ૩ દેશોનું સમર્થન, ફ્રાંસ-ઈટાલી થયા દૂર

### યુરોપના ૧૫ દેશોમાંથી અત્યાર સુધી માત્ર ત્રણ દેશો-હંગેરી, બલ્ગેરિયા અને કોસોવોએ જ આ બેઠકમાં હાજરી આપવાની પુષ્ટિ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આયોજિત 'ગાઝા પીસ બોર્ડ'ની મહત્ત્વની બેઠક ૧૯ ફેબ્રુઆરીએ યોજાવાની છે, પરંતુ તે પહેલા ટ્રમ્પને આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો ફટકો પડ્યો છે. ટ્રમ્પે આ શાંતિ પહેલ માટે વિશ્વના અંદાજે ૬૦ દેશોને આમંત્રણ મોકલ્યું હતું, પરંતુ ફ્રાન્સ, જર્મની, બ્રિટન, ઈટાલી અને સ્વીડન જેવા શક્તિશાળી દેશોએ આ બેઠકમાં સામેલ થવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. ટ્રમ્પની આ વૈશ્વિક શાંતિ યોજનાને યુરોપમાં ધાર્યો પ્રતિસાદ મળી રહ્યો નથી, જેના કારણે બેઠકની સફળતા પર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

યુરોપના ૧૫ દેશોમાંથી અત્યાર સુધી માત્ર ત્રણ દેશો-હંગેરી, બલ્ગેરિયા અને કોસોવોએ જ આ બેઠકમાં હાજરી આપવાની પુષ્ટિ કરી છે. જાન્યુઆરી ૨૦૨૬માં ટ્રમ્પે આ બોર્ડની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું કે, આ મંચ ગાઝાના પુનઃનિર્માણની દેખરેખ રાખશે અને ભવિષ્યમાં વૈશ્વિક સંઘર્ષો ઉકેલવામાં મદદરૂપ થશે. જોકે, બેઠકના આડે હવે ગણતરીના દિવસો બાકી હોવા છતાં એશિયાના મોટા દેશો જેવા કે ભારત, ચીન અને જાપાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

બીજી તરફ, એશિયાઈ દેશોમાં પાકિસ્તાન અને ઈન્ડોનેશિયાએ આ બેઠકમાં ભાગ લેવાના સંકેત આપ્યા છે, જ્યારે સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત(UAE)એ હજુ સુધી કોઈ મંજૂરી આપી નથી. આમ, ટ્રમ્પની આ મહત્ત્વાકાંક્ષી યોજનાને શરુઆતથી જ મોટા દેશોના વિરોધ અને ઉદાસીનતાનો સામનો કરવો પડી રહ્યો છે.

### લગ્ન પહેલા શારીરિક સંબંધ કેવી રીતે બાંધી શકાય : સુપ્રીમનો સવાલ

## લગ્ન પહેલા સંબંધ બાંધવાને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ટિપ્પણી કરવામાં આવી

### સંબંધ સારા હોય કે ખરાબ એ નથી સમજાતું કે લગ્ન પહેલા શારીરિક સંબંધમાં કેમ જોડાઈ જતા હશે : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લગ્ન પહેલા સંબંધ બાંધવાને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ટિપ્પણી કરવામાં આવી હતી જેની ભારે ચર્ચા થઈ રહી છે. સુપ્રીમના ન્યાયાધીશ બીવી નાગરત્નાની બેંચે કહ્યું હતું કે લગ્ન પહેલા શારીરિક સંબંધ બાંધતા પહેલા સાવધાની રાખવી જોઈએ, કદાચ અમારા વિચારો જુના હોઈ શકે પરંતુ અમે કહેવા માગીએ છીએ કે લગ્ન પહેલા કોઈ પર વિશ્વાસ ના કરવો જોઈએ.

સુનાવણી દરમિયાન સુપ્રીમના ન્યાયાધીશ નાગરત્નાએ વધુમાં કહ્યું હતું કે લગ્ન પહેલા એક છોકરો અને છોકરી બન્ને એકબીજાથી અજાણ હોય છે, તેમના સંબંધ સારા હોય કે ખરાબ અમને એ નથી સમજાતું કે તેઓ લગ્ન પહેલા શારીરિક સંબંધ કેવી રીતે બનાવી શકે ? તમારે બહુ જ સાવધાન રહેવું જોઈએ. લગ્ન પહેલા કોઈ પર વિશ્વાસ ના કરવો જોઈએ. આ સમગ્ર મામલો લગ્નના જુઠા વચન આપીને શારીરિક સંબંધ બાંધવા સાથે જોડાયેલો છે. મહિલા અને પુરુષ ૨૦૨૨માં એક મેટ્રિમોનિયલ વેબસાઈટના માધ્યમથી એકબીજાને મળ્યા હતા. બાદમાં બન્ને એકબીજા સાથે સંબંધમાં પણ જોડાયા હતા. જોકે કોઈ કારણોસર યુવકે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. બાદમાં યુવતી દ્વારા યુવક પર લગ્નના જુઠા વચન આપી શારીરિક સંબંધ બનાવવાનો આરોપ લગાવ્યો હતો. જોકે મામલો જ્યારે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે ન્યાયાધીશ નાગરત્નાની બેંચે મહિલાને સવાલ કર્યો હતો કે તે પોતાની મરજીથી આરોપીની સાથે દુબઈ કેમ ગઈ હતી? જ્યારે મહિલા તરફથી હાજર સરકારી વકીલે એવી દલીલ કરી હતી કે આરોપીએ કેટલાક અંગત પળોના વીડિયો પણ બનાવ્યા છે જેમાં મહિલાની કોઈ જ સંમતિ નહોતી. બાદમાં આ વીડિયોના માધ્યમથી તેને બ્લેકમેઈલ કરવામાં આવતી હતી અને વીડિયો જાહેર કરી દેવાની ધમકી પણ આપતો હતો. હવે આ મામલે બુધવારે વધુ સુનાવણી કરવામાં આવશે.

### ભારતીય કોસ્ટગાર્ડે ચલાવ્યું હતું ઓપરેશન

## ભારતે મધદરિયે ઓપરેશન ચલાવી જપ્ત કરેલા જહાજો મુદ્દે ઈરાનનું મોટું નિવેદન

### દરિયાના નિયમો તથા કસ્ટમ ડ્યુટીથી બચવા માટે ઓઈલની હેરાફેરી કરવામાં આવી રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાન

આંતરરાષ્ટ્રીય દરિયામાં ઓઈલની હેરાફેરીના મોટા નેટવર્કનો ખુલાસો થયો છે. ભારતે મુંબઈ નજીક દરિયામાંથી ત્રણ શંકાસ્પદ જહાજો જપ્ત કર્યા છે. જે બાદ મીડિયા અહેવાલોમાં અટકળો વહેતી થઈ હતી કે આ ત્રણેય જહાજ ઈરાનના છે. જોકે આ અટકળોને ઈરાને રદિયો આપતા જણાવ્યું છે કે આ જહાજો સાથે અમારે કોઈ લેવા દેવા નથી. ઈરાનની રાષ્ટ્રીય ઓઈલ કંપનીએ કહ્યું છે કે ભારતે જપ્ત કરેલા જહાજ ઈરાનના નથી. નોંધનીય છે કે ગઈ ૫ અને ૬ ફેબ્રુઆરીએ ભારતે એક સંયુક્ત ઓપરેશન કરી ત્રણ જહાજો જપ્ત કર્યા હતા. દરિયાના નિયમો તથા કસ્ટમ ડ્યુટીથી બચવા માટે ઓઈલની હેરાફેરી કરવામાં આવી રહી હતી. જે બાદ મુંબઈથી ૧૦૦ નોટિકલ માઈલ પશ્ચિમમાં ત્રણ જહાજો રોકવામાં આવ્યા. ભારતના દરિયામાં શંકાસ્પદ ગતિવિધિના સંકેત મળતા જ ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવી. અધિકારીઓ જણાવ્યું છે કે આ જહાજો દરિયાની વચ્ચે ક્રૂડ ઓઈલના કાર્ગો એક જહાજથી બીજા જહાજમાં ટ્રાન્સફર કરી રહ્યા હતા. જે બાદ ભારતીય કોસ્ટગાર્ડે તાત્કાલિક જહાજો અને વિમાન તૈનાત કર્યા હતા. તપાસ દરમિયાન જહાજોના દસ્તાવેજ, ઈલેક્ટ્રોનિક ડેટાની તપાસ કરવામાં આવી તથા ક્રૂ મેમ્બર્સની પૂછપરછ પણ કરાઈ. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઓઈલની હેરાફેરીનું આ નેટવર્ક અનેક દેશોમાં ફેલાયેલું હતું. પોતાની ઓળખ છુપાવવા માટે જહાજો પરના નામ, ધ્વજ અને ડિજિટલ ઓળખ વારંવાર બદલવામાં આવતી હતી.

## હરિયાણામાં પણ ઈન્દોર જેવો કાંડ દુષિત પાણીથી ૧૨ લોકોનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પલવલ

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં દુષિત પાણી પીવાને કારણે અનેક લોકો માર્યા ગયા હતા. આ કાંડની સમગ્ર દેશમાં ચર્ચા હતી ત્યારે હવે હરિયાણામાં પણ ઈન્દોર જેવી જ ઘટના સામે આવી છે. માહિતી મુજબ હરિયાણાના પલવલમાં દુષિત પાણીને કારણે ૧૨ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક લોકો બીમાર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃત્યુઆંક એક બે દિવસ નહીં પણ સપ્તાહથી વધુનો હોવાના અહેવાલો છે.

હરિયાણાના પલવલમાં જે ૧૨ લોકો માર્યા ગયા તેમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. જેમાં ચાર લોકોના મોત હેપેટાઈટિસ-બીને કારણે થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પલવલ જિલ્લામાં છાંયસા ગામમાં બીમારીના કેસો સામે આવ્યા છે જેની તપાસ માટે સ્વાસ્થ્ય વિભાગની ટીમને ગામમાં તૈનાત કરવામાં આવી છે.

ગામમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી છે. જોકે કેટલાક ગ્રામીણોનો દાવો છે કે મૃતકોની સંખ્યા આનાથી વધુ છે અને તેમાં કેટલાક યુવા વયના પણ સામેલ છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ મૃતકોમાં ચાર લોકોના મોતનું કારણ હેપેટાઈટિસ-બી હોવાનું સામે આવ્યું છે. અન્ય ત્રણ મામલાઓમાં મોતનું કારણ તપાસ બાદ જ સામે આવી શકશે. હાલમાં દુષિત પાણી જવાબદાર હોવાની શક્યતાઓને નકારી ના શકાય તેમ પણ અધિકારીઓએ કહ્યું હતું. હેપેટાઈટિસ-બી એક ગંભીર સંક્રમણ છે, જે વાયરસને કારણે ફેલાતો હોય છે. હાલમાં આ વિસ્તારમાં રાજ્યના સ્વાસ્થ્ય વિભાગની ટીમ લોકોના લોહીના નમૂના લઈ રહી છે અને તપાસ કરી રહી છે. જે વિસ્તારમાં આ ઘટના સામે આવી છે ત્યાં છ હજારથી વધુ લોકો રહે છે જેથી તમામ લોકોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

### હુમલાની આશંકા: કૌટુંબિક વિવાદમાં 'ટાર્ગેટેડ' ફાયરિંગ

## USAમાં ફરી ગોળીબાર! આઈસ હોકી મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ, ૩ના મોત

### હાલ પોલીસ પ્રોવિડન્સના 'ડેનિસ એમ. લિન્ચ એરેના' ખાતે સાક્ષીઓના નિવેદનો અને સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે જેથી આ આખી ઘટનાની કડીઓ જોડી શકાય

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકામાં ફરી એકવાર ગોળીબારની લોહિયાળ ઘટના સામે આવી છે, જેનાથી આખો દેશ સ્તબ્ધ છે. આ વખતે રોડ આઈલેન્ડમાં યોજાયેલી એક યુવા આઈસ હોકી મેચ દરમિયાન અંધાધૂંધ ફાયરિંગ થયું, જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. આ ઘટના બાદ હુમલાખોરે પણ પોતાની જાતને ગોળી મારીને આપઘાત કરી લીધો હતો. ન્યૂઝ એજન્સી એપીના જણાવ્યા અનુસાર, પોટકેટ પોલીસ વડા ટીના ગોન્કાલ્વેસે મીડિયાને માહિતી આપી હતી કે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે શૂટરનું મૃત્યુ ખુદને મારેલી ગોળીથી થયું છે. જોકે આ અથડામણમાં પોલીસ તરફથી કોઈ ગોળીબાર થયો નહોતો, તેમ છતાં અધિકારીઓ સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યા છે.આ 'ટાર્ગેટેડ' હુમલામાં બે પુખ્ત વયના લોકોના મોત થયા છે અને ત્રણ ગંભીર ઘાયલ છે, જ્યારે શૂટરે પોતે પણ ગોળી મારી આપઘાત કરી લીધો છે. પ્રાથમિક તપાસમાં આ ઘટના પાછળ કૌટુંબિક વિવાદ હોવાની આશંકા છે. હાલ પોલીસ પ્રોવિડન્સના 'ડેનિસ એમ. લિન્ચ એરેના' ખાતે સાક્ષીઓના નિવેદનો અને સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહી છે જેથી આ આખી ઘટનાની કડીઓ જોડી શકાય.વાઈરલ વીડિયોમાં ગોળીબારના અવાજ વચ્ચે ખેલાડીઓ અને પ્રેક્ષકો જીવ બચાવવા ભાગતા દેખાય છે. મેદાનની બહાર હાઈસ્કૂલના ખેલાડીઓ એકબીજાને ભેટીને રડતા હોય તેવા હૃદયદ્રાવક દ્રશ્યો પણ સર્જાયા હતા. આ ઘટના બાદ પોલીસે આસપાસના રસ્તાઓ બંધ કરી હેલિકોપ્ટર દ્વારા સર્વેલન્સ હાથ ધર્યુ હતું.

### વિસ્ફોટક ભરેલા વાહનની ચેકપોસ્ટ સાથે ટક્કર

## પાકિસ્તાનમાં ફરી મોટો આતંકવાદી હુમલો, ૧૧ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પાકિસ્તાન

ખૈબર પખ્તુનખ્વાના બાજોર જિલ્લામાં આતંકવાદીઓએ સુરક્ષા દળોની એક સંયુક્ત ચોકીને નિશાન બનાવી હતી. હુમલાખોરોએ વિસ્ફોટકોથી ભરેલી એક ગાડી ચોકીની દીવાલ સાથે અથડાવી દીધી હતી.

જેના કારણે આખી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી અને ૧૧ સુરક્ષાકર્મીઓના કરુણ મોત નીપજ્યા હતા.

આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે, નજીકના રહેણાંક મકાનોને પણ ભારે નુકસાન થયું હતું. આ દુર્ઘટનામાં એક માસૂમ બાળકીએ પણ પોતાનો જીવ ગુમાવ્યો છે. જ્યારે અનેક મહિલાઓ અને બાળકો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. પાકિસ્તાની ઈન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સ ) એ જણાવ્યું હતું કે, ૧૬ ફેબ્રુઆરીના રોજ બાજોર જિલ્લામાં સેના અને કાયદા અમલીકરણ એજન્સીઓની સંયુક્ત ચેકપોસ્ટ પર તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદીઓએ આ કાયરતાપૂર્ણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

સેનાના નિવેદન અનુસાર, સુરક્ષા દળોની જવાબી કાર્યવાહી અને ભાગતા હુમલાખોરો પર કરવામાં આવેલા સચોટ પ્રહારમાં ૧૨ આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોતાની હાર જોઈને હતાશામાં હુમલાખોરોએ વિસ્ફોટકોથી ભરેલી ગાડી દીવાલ સાથે અથડાવી દીધી હતી. ધડાકાની તીવ્રતાને કારણે ચેકપોસ્ટની ઈમારત પડી ગઈ હતી, જેમાં ૧૧ જવાનો દટાઈ જવાથી મૃત્યુ પામ્યા હતા. ISPR એ વધુમાં ઉમેર્યું હતું કે આ ધડાકાને કારણે આસપાસની નાગરિક ઈમારતોને પણ અસર થઈ હતી, જેમાં એક નિર્દોષ બાળકીનું મોત નિપજ્યું હતું અને સાત અન્ય નાગરિકો ઘાયલ થયા હતા.




# તંત્રી લેખ......

## ન્યાયતંત્રમાં એઆઈ પર ચર્ચા, ન્યાયતંત્રને મજબૂત બનાવવું

ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ન્યાયતંત્રમાં એઆઈ ના ઉપયોગ પર ચર્ચા કરવામાં આવી હતી, જેનો હેતુ ભારતની ન્યાયતંત્રને મજબૂત બનાવવાનો છે. AI કાગળકામ ઘટાડી શકે છે અને મશીન લર્નિંગ દ્વારા સંશોધન અને વિશ્લેષણમાં મદદ કરી શકે છે, પરંતુ નિર્ણયો માનવ વિવેકબુદ્ધિ પર આધારિત હશે. ઈ-કોર્ટ્સ પ્રોજેક્ટ હેઠળ, એઆઈ ટૂલ્સ અનુવાદ અને ફાઈલ વિશ્લેષણમાં મદદરૂપ થાય છે. કેસોના બેકલોગને ઘટાડવા માટે અસરકારક ઉપયોગ માટે ન્યાયિક સુધારા પણ જરૂરી છે.

ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ન્યાયતંત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર એક સત્રનું આયોજન કરવામાં આવ્યું તે યોગ્ય અને સમયસર છે. તેમાં ચર્ચા કરવામાં આવી હતી કે મશીન લર્નિંગ ભારતની ન્યાયતંત્રને કેવી રીતે મજબૂત બનાવી શકે છે. આ કાર્યક્રમમાં કાયદાકીય પેઢીઓના કાનૂની નિષ્ણાતો, ન્યાયશાસ્ત્રીઓ સહિત, હાજરી આપી હતી, તેથી આશા છે કે ભવિષ્યમાં ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ વધશે અને સામાન્ય જનતાને ફાયદો થશે. જ્યારે જીવનના દરેક ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે ન્યાયતંત્રમાં પણ આવું જ હોવું જોઈએ. જ્યારે એઆઈનો ઉપયોગ મર્યાદિત સ્તરે ન્યાયતંત્રમાં થઈ રહ્યો છે, ત્યારે તે ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી રહ્યું છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવાનું બાકી છે. હાલમાં, ઈ-કોર્ટ્સ પ્રોજેક્ટ હેઠળ, ન્યાયતંત્રમાં વિવિધ એઆઈ-આધારિત સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે. ઉદાહરણ તરીકે, મશીન લર્નિંગ ટૂલ કોર્ટના ચુકાદાઓને અંગ્રેજીથી પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદિત કરે છે. હજારો ચુકાદાઓનું વિવિધ ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. બીજું સાધન ફાઈલોનું વિશ્લેષણ કરવામાં અને સંબંધિત કાયદાઓ અને દાખલાઓ શોધવામાં મદદ કરે છે. તેવી જ રીતે, કેટલીક ઉચ્ચ અદાલતો એવા સાધનોનો ઉપયોગ કરી રહી છે જે સાક્ષીઓના નિવેદનોને સીધા ડિજિટલ ટેક્સ્ટમાં રૂપાંતરિત કરે છે. ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ લોકોને સમયસર ન્યાય મળવાની શક્યતાઓ વધારશે. નિઃશંકપણે, એઆઈનો ઉપયોગ ચુકાદા આપવા માટે થઈ શકતો નથી, અને ન પણ થવો જોઈએ. તે માનવ ચુકાદાને બદલી શકતું નથી, પરંતુ તેનો ઉપયોગ કાગળકામના ભારણને ઘટાડવા માટે ચોક્કસપણે થઈ શકે છે.એઆઈ દ્વારા સંશોધન, વિશ્લેષણ અને ડેટા સંગ્રહ પણ કરી શકાય છે. આ બધાની સાથે, એ સમજવું જોઈએ કે ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ ફક્ત ત્યારે જ અસરકારક રહેશે જો જરૂરી ન્યાયિક સુધારાઓ પણ લાગુ કરવામાં આવે. મુલતવી રાખવાના ચક્રનો અંત લાવવો જરૂરી છે. તેવી જ રીતે, જાહેર હિતની દાવાઓના નામે થતી વ્યર્થ અરજીઓને રોકવા પણ જરૂરી છે. એ વાતને અવગણવી ન જોઈએ કે જ્યારે દરેક ક્ષેત્રમાં સુધારા થઈ રહ્યા છે, ત્યારે મૂળભૂત ન્યાયિક સુધારાઓ જે જરૂરી છે તે પ્રગતિ કરી રહ્યા નથી. પરિણામે, જિલ્લા અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી કેસોનો બેકલોગ વધી રહ્યો છે. કરોડો પેન્ડિંગ કેસો લાખો લોકોને નિરાશ જ નથી કરતા પણ દેશની પ્રગતિમાં પણ અવરોધ ઉભો કરે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો ઘટીને રૂ.૧.૫૧ લાખ અને ચાંદીનો વાયદો ઘટીને રૂ.૨.૨૯ લાખના સ્તર સુધી ગબડ્યો


**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨નો મામૂલી સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૬૪૬.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૨૮૫૫૩.૪૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૬૧૮.૯૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૬૨૦૦.૪૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૬૪૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૨૮૫૫૩.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૮૮.૩૭ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૬૧૮.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૫૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૯૫૯ અને નીચામાં રૂ.૧૫૧૨૪૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૭૬૦ના આગલા બંધ સામે રૂ.૧૮૦૨ ઘટી રૂ.૧૫૨૯૫૮ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૩૮ ઘટી રૂ.૧૨૪૮૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯૭ ઘટી રૂ.૧૫૬૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫૩ ઘટી રૂ.૧૫૧૦૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૫૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૭૨૪ અને નીચામાં રૂ.૧૫૨૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૫૨૨૦ના આગલા બંધ સામે રૂ.૨૦૮૨ ઘટી રૂ.૧૫૩૧૩૮ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૫૨૦૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૭૭૨૦ અને નીચામાં રૂ.૨૨૯૩૫૨ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૮૯૧ના આગલા બંધ સામે રૂ.૭૪૫૩ ઘટી રૂ.૨૩૨૪૩૮ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૩૯૭ ઘટી રૂ.૨૩૫૮૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૭૩૨૮ ઘટી રૂ.૨૩૫૯૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૩૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૩૧.૦૫ ઘટી રૂ.૧૧૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭ ઘટી રૂ.૩૧૯.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૩૦૬.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૫૦ પૈસા ઘટી રૂ.૧૮૭.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૩૩.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૯૫ અને નીચામાં રૂ.૩૪૦૩ના મથાળે અથડાઈ, રૂ.૪૧ વધી રૂ.૩૪૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૦૮ અને નીચામાં રૂ.૫૭૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૯૧ના આગલા બંધ સામે રૂ.૨ વધી રૂ.૫૭૯૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫ વધી રૂ.૫૭૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૮ વધી રૂ.૨૮૬.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬.૮ વધી રૂ.૨૮૬.૨ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦.૮ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૬૦.૫ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦ ઘટી રૂ.૨૫૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૭ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૫૯૨ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૬૫૨.૪૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૯૬૬.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૧૧૨.૭૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨૭.૬૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૯૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૯.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૪૨.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૭૬.૭૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૮૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૩૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૭૩૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૮૭૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૨૯૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૭૭૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૩૪૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૫૪૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૭૧૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૫૩૦૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૯૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૯૮૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૭૩૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૬૯૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૫૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૭૫ પોઈન્ટ ઘટી ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧ ઘટી રૂ.૫૯.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ વધી રૂ.૧૫.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫.૫ ઘટી રૂ.૧૦૨૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮૬૭.૫ ઘટી રૂ.૭૬૨૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮.૭૯ ઘટી રૂ.૧૦.૨ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૭૧ ઘટી રૂ.૩.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૬૦.૬ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૯ વધી રૂ.૧૧.૬ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૮.૫ ઘટી રૂ.૭૮૮.૫ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૪૯ ઘટી રૂ.૩૯૩૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૯ ઘટી રૂ.૧૬.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૯.૧૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦.૫ વધી રૂ.૧૯૮૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૯.૫ વધી રૂ.૧૮૯૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૪.૮ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૦.૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૦૫ ઘટી રૂ.૧૭.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ ઘટી રૂ.૯.૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૨.૫ વધી રૂ.૨૭૫૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૮૭ વધી રૂ.૩૬૩૦.૫ થયો હતો.

# ક્રાઈમ બ્રાન્ચનું સફળ ઓપરેશનઃ બાપુનગરના મારામારીના ગુનામાં વોન્ટેડ બે રીઢા ગુનેગારો ઝડપાયા

**આ બંને શખ્સોએ બાપુનગર વિસ્તારમાં અગાઉ હિંસક મારામારી કરી હતી અને ત્યારથી તેઓ પોલીસ પકડથી દૂર હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં ગુનાખોરી ડામવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ સતત એક્શન મોડમાં છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાપુનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારીના ગુનામાં છેલ્લા ઘણા સમયથી વોન્ટેડ એવા બે સગા ભાઈઓ જેવી જોડીને દબોચી લીધી છે. પકડાયેલા આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું પણ સામે આવ્યું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે બાપુનગરના મારામારીના કેસમાં સંડોવાયેલા અને નાસતા-ફરતા આરોપીઓ શહેરમાં જ ક્યાંક છુપાયેલા છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને પોલીસે મુઝફ્ફર પઠાણ અને સમીર પઠાણ નામના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ બંને શખ્સોએ બાપુનગર વિસ્તારમાં અગાઉ હિંસક મારામારી કરી હતી અને ત્યારથી તેઓ પોલીસ પકડથી દૂર હતા.પકડાયેલા મુઝફ્ફર અને સમીર પઠાણ સામાન્ય ગુનેગાર નથી, પરંતુ તેઓ અગાઉ પણ અનેક શારીરિક ગુનાઓ અને અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. તેમની ધરપકડ બાદ ક્રાઈમ બ્રાન્ચે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી તેમને જેલ હવાલે કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચે આ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યા બાદ હવે બંને આરોપીઓનો કબજો બાપુનગર પોલીસને સોંપવા માટેની તજવીજ હાથ ધરી છે. બાપુનગર પોલીસ હવે આ આરોપીઓની પૂછપરછ કરશે કે તેઓ આટલો સમય ક્યાં છુપાયા હતા અને તેમને કોણે આશરો આપ્યો હતો.

**‘સ્વસ્થ ધરા, ખેત હરા’: ગુજરાતના ૨.૧૯ કરોડ ખેડૂતોને મળ્યા સોઈલ હેલ્થ કાર્ડ**

# ગુજરાત રાજ્યમાં ૧૯ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી તેમજ ગ્રામ્ય સ્તરે ૨૬ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી કાર્યરત

ગુજરાતના સર્વાંગી વિકાસમાં કૃષિ વિકાસ એક મહત્વપૂર્ણ પાયો છે. રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે. જો ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી ન થાય, તો તે ઉજ્જડ બનતી જાય છે. જમીન ઉજ્જડ થવાના અનેક કારણો હોઈ શકે છે, જેમ કે પ્રદૂષણ, જમીનમાં વધતી ખારાશ અને રસાયણિક ખાતર તથા દવાઓનો અતિશય ઉપયોગ. ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉદભવી રહી હતી. આ સમસ્યાના સમાધાન માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજના’ અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

પ્રધાનમંત્રીશ્રીની દૂરંદેશી પહેલને આગળ ધપાવી અને વિકસિત ભારતના વિઝનને વિકસિત ગુજરાત દ્વારા સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલુ ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિ પાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. ‘સ્વસ્થ ધરા, ખેત હરા’ના મંત્ર સાથે લાગૂ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૨.૧૯ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

● શું છે સોઈલ હેલ્થ કાર્ડ ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં, નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ ૧૨ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને ક્યાં પ્રકારના ખાતર



અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

● ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં લોન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો ૨૦૦૩-૦૪થી ૨૦૧૦-૧૧ દરમિયાન અને બીજો તબક્કો ૨૦૧૧-૧૨થી ૨૦૧૫-૧૬ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં “સોઈલ હેલ્થ કાર્ડ યોજના” અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં ભારત સરકારની યોજના હેઠળ રાજ્યના ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. છેલ્લા એક દાયકામાં આ યોજનાને કારણે ખેડૂતો તેમની જમીનમાં રહેલી મુખ્ય ખામીઓથી વાકેફ થયા છે અને સાથે જ સૂક્ષ્મ પોષકતત્વો ધરાવતા ખાતરોનો ઉપયોગ પણ વધાર્યો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેરમાં રહેતા બાબુભાઈ વસરામભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે SHC યોજના હેઠળ તેમને માત્ર જરૂરી ખાતરોનો મર્યાદિત માત્રામાં ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી, જેને અનુસરવાને પરિણામે તેમને ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી હતી. આ પહેલથી તેમને પાકની વધુ સારી ઉપજ મળી અને ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો.

● સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકાર પ્રયત્નશીલ

વર્ષ ૨૦૨૪-૨૫માં SHC પોર્ટલના આધારે ૬,૨૩,૮૪૪ માટીના નમૂનાઓ ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યા હતા અને ૬,૨૩,૨૯૫ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬માં SHC યોજના હેઠળ ગુજરાત માટે ભારત સરકારનો લક્ષ્યાંક ૬,૨૫,૫૧૩ નમૂનાઓનું પરીક્ષણ કરવાનો છે. ગુજરાત સરકાર પણ આ લક્ષ્યાંકને સમયસર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણકે સુધીમાં ૬,૧૩,૩૫૫ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે, જે પૈકી ૪,૮૬,૧૪૨ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીના નમૂનાઓની પરીક્ષણની કામગીરી પ્રગતિમાં છે. આ લક્ષ્યાંકોને પહોંચી વળવા તેમજ સમયસર પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકારના પ્રયાસો ચાલુ છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૧૯ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ ૦૧ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કૃષિ વિભાગ હેઠળ કાર્યરત છે. દરેક લેબોરેટરીની વાર્ષિક ૧૦,૦૦૦-૧૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાની ક્ષમતા છે. આ ક્ષમતા વધારવા માટે સરકારી સહાયથી ૨૬ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી એટલે કે ગ્રામ્ય સ્તરની લેબોરેટરી પણ સ્થાપિત કરવામાં આવી છે. દરેક ખાનગી લેબોરેટરી પણ વાર્ષિક ૩,૦૦૦ જેટલા માટીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે સજ્જ છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના ખેડૂતોને તેમની જમીનને અસરકારક રીતે સમજવા અને તેમાં સુધારો કરવામાં, જમીનની ફળદ્રુપતા જાળવવા, ઉત્પાદકતા વધારવા અને તેમની જમીનને અનુરૂપ પાક ઉગાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તે ઈનપુટ ખર્ચ ઘટાડે છે, આર્થિક વળતરમાં વધારો કરે છે અને ખેતી પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપે છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા વિરોધ : વિધાનસભાની કાર્યવાહીનુ પ્રસારણ લાઈવ કરવા કરી ઉગ્ર માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા વિધાનસભાની કાર્યવાહીનુ પ્રસારણ લાઈવ કરવા ઉગ્ર માંગ કરવામાં આવી હતી. વિધાનસભા પરીસરમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. વિધાનસભામાં આમ આદમી પાર્ટી ધારાસભ્યોના વિધાનસભા લાઈવ કરો , વિધાનસભા લાઈવ કરો ના નારા ગુંજયા હતા. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને સુધીર વાઘાણીએ સુત્રોચ્ચાર કર્યા હતા. આ મામલે ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે લાઈવ ન કરવુ એ લોકશાહીની હત્યા છે, સુપ્રિમ કોર્ટનુ લાઈવ થાય છે તો ગુજરાત વિધાનસભાનુ કેમ નહી ? સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના કામ પણ લોકો યુ ટયુબમાં જોઈ શકે છે તો વિધાનસભાનુ લાઈવ પ્રસારણ પણ થવુ જોઈએ , દિલ્હી, પંજાબ, મહારાષ્ટ્ર સહિત અનેક રાજયોમાં વિધાનસભાનુ લાઈવ પ્રસારણ થાય છે તો ગુજરાતનુ કેમ નહી ? શા માટે વિધાનસભાનુ લાઈવ બંધ કરવામાં આવ્યું ? વિધાનસભામાં શું છુપાવવામાં આવી રહ્યુ છે ? લોકોને જાણવાનો અધિકાર છે કે વિધાનસભામાં પક્ષ અને વિપક્ષ શું કરી રહયા છે. લાઈવ પ્રસારણ ન કરવુ એ લોકોના જાણવાના અધિકાર પર એક તરાપ છે. વિધાનસભામાં મંત્રીઓ અને મુખ્યમંત્રી કોઈ કામ કરતા નથી, એ વાત લોકો જોઈ ન જાય એટલા માટે વિધાનસભાનુ લાઈવ પ્રસારણ બંધ રાખવામાં આવી છે. આમ આદમી પાર્ટીની સ્પષ્ટ માંગ છે કે વિધાનસભાનુ લાઈવ કરવામાં




આવે, સાથે જ ચૈતર વસાવા એ કહ્યુ કે આ તાનાશાહી સરકારમાં લોકશાહી બચાવો એ અમારી સ્પષ્ટ માંગ છે.

# બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ૧૦૭ લીઝ પૈકી ૭૬ કાર્યરત : મંત્રી ઋષીકેશ પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી કવોરી (બ્લેક ટ્રેપ) સંદર્ભે પુછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે આ વિસ્તારોમાં એક પણ કવોરી (બ્લેક ટ્રેપ) ઓ આવેલી નથી. તેમણે વધુમાં સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બિલ્ડીંગ સ્ટોન ખનીજની લીઝો છે. કવોરી (બ્લેક ટ્રેપ) ખનીજોની લીઝો નથી,



આ ગ્રામ્ય વિસ્તારોમાં ખનીજવાર આવેલી કુલ ૧૦૭ લીઝો પૈકી ૭૬ કાર્યરત અને ૩૧ લીઝ એટીઆર બંધ કરાઈ છે. દાંતા તાલુકામાં ગ્રેનાઈટની ૨ અને બિલ્ડીંગ સ્ટોનની ૭૪ આમ કુલ ૭૬ લીઝ કાર્યરત હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું. ગ્રેનાઈટની એક લીઝ માઈનીંગ પ્લાન રજુ કરેલ ન હોવાના કારણે બિલ્ડીંગ સ્ટોનની ૫ લીઝ બાકી લેણા ભરપાઈ કરેલ ન હોવાના કારણે બંધ કરી દેવામાં આવી છે. બિલ્ડીંગ સ્ટોનની ૨ લીઝ જેમાં બાલારામ / અંબાજી વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીના ૧ કિ.મી. ની અંદર આવેલી, ૧૬ જેમાં સ્ટેટ લેવલનુ ઈસી રજુ કરેલુ નથી. ૬ માં ઈસી રજુ કરેલુ ન હોય, ૧ માં ઈસી રીજેકટ થયેલુ હોવાના કારણે આમ કુલ ૩૧ લીઝ બંધ કરેલ હોવાનુ મંત્રીએ જણાવ્યુ હતું.

મંત્રીએ કવોરી (બ્લેક ટ્રેપ પથ્થર ) અને બિલ્ડીંગ સ્ટોન વચ્ચેનો તફાવત પણ વિગતે સમજાવતા કહ્યુ હતુ કે બ્લેક ટ્રેપ પથ્થર જે પૃથ્વીના પેટાળમાં રહેલા લાવા , જવાળામુખી સ્વરૂપે પૃથ્વીપર આવી આ લાવા (મેગ્મા) કુદરતી વાતાવરણમાં ઠરવાથી બનેલા પથ્થરને ડેકકન ટ્રેપ / બેસાલ્ટ કહેવાય છે જેને બ્લેક ટ્રેપ તરીકે ઓળખાય છે. આ પથ્થર ઘેરાકાળા અથવા રાખોડી રંગનો હોય છે. અને તેનુ બંધારણ ખુબ જ સખત અને ઘટ્ટ હોય છે, તે ઉચ્ચ દબાણ સહન કરવાની ક્ષમતા ધરાવે છે. બ્લેક ટ્રેપનો ઉપયોગ સીધો પથ્થર તરીકે ઓછો પણ તેને તોડીને બનાવેલી કપચી તરીકે વધુ થાય છે.

# આજે ગુજરાત સરકારનુ બજેટ ફુલગુલાબી બજેટ આવે તેવા સંકેત: સ્થાનિક સ્વરાજયની ચુંટણી અને કોમનવેલ્થ ગેમ રહેશે કેન્દ્રમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે તારીખ ૧૮ ફેબ્રુઆરીએ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ રાજયનુ વર્ષ ૨૦૨૬-૨૭નુ અંદાજપત્ર રજુ કરશે. રસપ્રદ વાત એ છે કે અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૮ વખત બજેટ રજુ કરવાનો રેકોર્ડ પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાના નામે છે. આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા રજુ થનાર બજેટમાં અર્બન ડેવલપમેન્ટ પર ફોકસ કરવામાં આવશે. તો આગામી ૨૦૩૦ માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ પર વિશેષ ભાર મુકવામાં આવે તેવી શકયતા છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ વર્ષ હોવાથી બજેટ ફુલગુલાબી રહે તેવા સંકેત છે.

પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાએ સૌથી વધુ ૧૮ વખત ગુજરાતનુ બજેટ રજુ કરેલુ છે. તો પૂર્વ નાણાંમંત્રી નિતીનભાઈ પટેલે બીજા ક્રમે રહી ૯ વખત બજેટ રજુ કરેલુ છે. જયારે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ પાંચમી વખત બજેટ રજુ કરશે.

નાણાંમંત્રીના ભાષણમાં સરકારની આર્થિક નીતિ , ટુંકા



ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યો નાગરીકોને સમજાવવામાં આવે છે. છેલ્લા ૨૫ વરસમાં ગુજરાત સરકારે રાજયની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને બજેટ રજુ કર્યા છે અને બજેટનુ કદ સતત વધતુ રહયુ છે. બજેટમાં સામાન્ય નાગરીકો , ઉદ્યોગો અને ખેડુતો માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. હાલમાં રજુ થનાર બજેટમાં મધ્યમવર્ગ માટે રોજીંદા જીવન સરળ બનાવતી યોજનાઓ અને ઘર ઘર સુધી સરકારી લાભ પહોચાડવાના ઉપાયો પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ ચાલુ વરસે ગુજરાતનુ અત્યાર સુધીનુ સૌથી મોટુ બજેટ રજુ કરી શકે છે. ગત વર્ષના બજેટની સરખામણીએ આ વરસે ૧૫ ટકાનો વધારો જોવા મળી શકે છે.

# AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના સવાલ સામે સરકારે વિધાનસભામાં આપ્યો ખોટો જવાબ

### અગાઉ ૫.૫૦ કરોડ મંજુર થયા હતા ત્યારબાદ ૭.૨૩ કરોડ મંજૂર થયા, પરંતુ વિધાનસભામાં સરકારે ડિઝાઈન રિવાઈઝ થવાના કારણે કોઈપણ નુકસાની ન થઈ હોવાનો દાવો કર્યો: ગોપાલ ઈટાલીયા

અમદાવાદ/જુનાગઢ/વિસાવદર

આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભાના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ધ્રાફડ નદી પર સરસઈ ગામે બની રહેલા મેજર બ્રિજ મામલે સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. વિધાનસભામાં પૂછાયેલા તેમના સવાલના જવાબમાં સરકારે ડિઝાઈન રિવાઈઝ થવાને કારણે કોઈ નુકસાન ન થયું હોવાનો દાવો કર્યો હતો. પરંતુ AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના અનુસાર આ જવાબ તથ્યવિહિન અને ભ્રામક છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે જૂનાગઢના પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડા અનુસાર બ્રિજ માટે અગાઉ રૂ. ૫.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા, ત્યારબાદ સુધારેલા અંદાજ મુજબ રૂ. ૭.૨૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. એટલે કે કુલ ખર્ચમાં રૂ. ૧.૭૩ કરોડનો વધારો થયો છે. તેમ છતાં સરકારે વિધાનસભામાં કોઈ નુકસાન ન થયું હોવાનો જવાબ આપ્યો છે, જે સ્પષ્ટ રીતે હકીકતોને છુપાવવાનો પ્રયાસ છે. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગતને કારણે કામ વર્ષોથી અધૂરું છે અને જનતાને પાંચ વર્ષ બાદ પણ બ્રિજની સુવિધા મળી નથી. વિકાસના નામે કરોડો રૂપિયાનું વધારાનું ભારણ જનતા પર મૂકવામાં આવી રહ્યું છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે બ્રિજ તો હજુ મળ્યો નથી અને સરકાર વિધાનસભામાં આ મુદ્દે ખોટા જવાબો આપી રહી છે, એ ખૂબ જ દુઃખની બાબત છે.

### ઐતિહાસિક વારસો ધરાવતું વડનગર બન્યું સંતુલિત વિકાસનું આદર્શ મૉડલ

# વડનગરનો ૨૫૦૦ વર્ષ જૂનો ગૌરવશાળી ઈતિહાસ દર્શાવે છે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ બન્યું વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર




PRERNA SCHOOL PRECINCT - AFTER


PRERNA SCHOOL PRECINCT – BEFORE





વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર, રાજયમાં ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે માળખાગત વિકાસનું સંતુલિત મૉડલ ઊભું કરી રહી છે. તેનું ઉત્તમ ઉદાહરણ છે ઐતિહાસિક શહેર વડનગર. લગભગ ૨,૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવતું વડનગર પુરાતત્વ, સંસ્કૃતિ અને ઈતિહાસનું જીવંત દ્રષ્ટાંત બન્યું છે. પુરાતત્વ અનુભવાત્મક સંગ્રહાલયનું નિર્માણ હોય કે નિર્માણાધીન દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળા, કે પછી ઐતિહાસિક સ્થળોનું પુનઃસ્થાપન કાર્ય, ગુજરાત સરકારના સતત પ્રયાસોના કારણે વડનગર આજે એક ટકાઉ શહેરી મૉડલ તરીકે વિકસી રહ્યું છે.

આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ

વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના ગૌરવશાળી ઈતિહાસને સંરક્ષિત કરવા માટે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમનું ગત વર્ષે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રૂ.૩૦૦ કરોડના ખર્ચે બનેલ આ સંગ્રહાલય ભારતનું એકમાત્ર સંગ્રહાલય છે જે નવા ખોદકામમાંથી મળેલી વસ્તુઓ પ્રદર્શિત કરે છે. મ્યુઝિયમમાં ૫ હજારથી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે અને વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો, વિવિધ ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરી પણ બનાવવામાં આવી છે.

તો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શૈક્ષણિક યાત્રા જ્યાંથી શરૂ થઈ હતી, તે પ્રેરણા સ્કૂલ (સંકુલ)ને ભવિષ્યની આધુનિક શૈક્ષણિક સંસ્થા તરીકે વિકસિત કરવામાં આવી છે, જેમાં નવી ટેક્નોલૉજી દ્વારા શિક્ષણ અને નૈતિક મૂલ્યોનો અનોખો સંગમ છે. તે વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર છે. આ ઉપરાંત, વડનગરમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં હોસ્ટેલમાં કૉચ ઑફિસ, રેક્ટર ક્વાર્ટર, આધુનિક રસોડું, ડાઈનિંગ રૂમ, રિક્રિએશન રૂમ સહિતની સુવિધાઓ તેમજ સોલાર સિસ્ટમ અને સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે.

વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે વડનગર

વડનગરમાં કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, વડનગરના પ્રાચીન દરવાજા અને કિલ્લેબંધીના અવશેષો, હાટકેશ્વર મહાદેવ મંદિર અને આસપાસનો વિસ્તાર, બૌદ્ધ મઠના પુરાતત્વીય અવશેષો તેમજ તાના–રીરી સ્મારક વગેરે સ્થળોના રીસ્ટોરેશનથી શહેરનો સમૃદ્ધ વારસો જીવંત બન્યો છે. ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે શહેરના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાના ગુજરાત સરકારના અભિગમના પરિણામે, વડનગર આજે વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડનગરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવા માટેનો પ્રસ્તાવ પણ સક્રિય છે, જે અંતર્ગત નોમિનેશન ડૉસિયર અને સાઈટ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે.

આવનારા સમયમાં આ વિકાસ કાર્યોથી વડનગરની થશે કાયાપલટ

ભવ્ય વૃંદાવન ગૌ-શાળાઃ લગભગ ૧૫ કરોડના ખર્ચે દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળાનું નિર્માણ કરવામાં આવશે. ગૌ-શાળાને 'રૂરલ ઈનોવેશન હબ' તરીકે વિકસિત કરવામાં આવશે અને તે ગાયોના સંરક્ષણ માટે ગ્રામીણ ગૌ-શાળા વિકાસનું આદર્શ મૉડલ બનશે.

તળાવો અને જળાશયોનું આંતરિક જોડાણઃ વડનગરમાં ૪૦ થી વધુ તળાવો પરસ્પર જોડીને વરસાદી પાણીના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ તળાવોને ઊંડા તેમજ સુવ્યવસ્થિત કરીને સૌંદર્ય વધારવામાં આવશે. આ ઉપરાંત, કુદરતી ગ્રેવિટી ફ્લો સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે, જેના કારણે શહેરની વરસાદી પાણી નિકાલની વ્યવસ્થા મજબૂત બનશે.

હેરિટેજ પરિસર અને ફસાડ ડેવલપમેન્ટઃ પ્રેરણા સ્કૂલ પરિસર, કીર્તિ તોરણ પરિસર, પથ્થરની હવેલી અને શર્મિષ્ઠા તળાવ આસપાસના વિસ્તારોમાં પરંપરાગત સ્થાપત્યને જાળવી ફસાડ અને હેરિટેજ પરિસર વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે, જેના કારણે ઐતિહાસિક વિસ્તારોનું સૌંદર્ય વધશે.

હેરિટેજ રોડ અને જંકશન વિકાસ (ફેઝ-૨)ઃ શહેરના મુખ્ય માર્ગો અને જંકશનોનું હેરિટેજ થીમ આધારિત વિકાસ કરવામાં આવશે, જેથી ટ્રાફિક વ્યવસ્થા સુધરશે અને પ્રવાસીઓને સરળ અને આકર્ષક અનુભવ મળશે.

અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રિફિકેશન અને સોલરાઈઝેશનઃ શહેરમાં ઓવરહેડ વીજ લાઈનોને અંડરગ્રાઉન્ડ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે ઘરો અને સરકારી ઈમારતો પર સોલાર પેનલ ઈન્સ્ટોલેશન દ્વારા વડનગરને ઊર્જાની દ્રષ્ટિએ વધુ ટકાઉ બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે.

આયોજનબદ્ધ પુનર્વસન અને સ્લમ રિડેવલપમેન્ટઃ આયોજનબદ્ધ પુનર્વસનની કામગીરી અને સ્લમ રિડેવલપમેન્ટ આયોજન દ્વારા શહેરી જીવનમાં સુધારો લાવવામાં આવશે.

### ખોટા ખેડૂત બનાવનાર અધિકારી સામે કાર્યવાહી થવી જોઈએઃ ગોપાલ ઈટાલિયા

# સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમ સુધારા બિલ સામે ગોપાલ ઈટાલિયાએ આપ્યા મહત્વના સૂચનો, સરકારે સૂચનો નકાર્યા

અમદાવાદ/જુનાગઢ/ભાવનગર

વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, વિધાનસભા સત્રના બીજા દિવસે સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમમાં સુધારો કરતું બિલ લાવવામાં આવ્યું. આ બિલ ગૃહમાં પસાર થયું અને આ બિલ ખૂબ જ મહત્વનું હતું. મારા વિસાવદર વિસ્તારમાં ૯૦% લોકો ખેતી સાથે જોડાયેલા છે અને ખેતી કરતા લોકો સાથે અન્યાય ન થાય એ માટે આ બિલમાં મેં એક સુધારો સૂચવ્યો હતો. પહેલા કાયદા વિશે કહું તો આ કાયદો કહે છે કે ૧૯૪૮થી નક્કી થયું છે કે બિન ખેડૂત વ્યક્તિ ખેતીની જમીન ખરીદી શકતો નથી. પણ ગુજરાતમાં કેટલાક લોકોએ પોતાની બે નંબરની કાળી કમાણીને છૂપાવવા માટે ખેડૂત ન હોવા છતાં પણ ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનીને ખેતીની જમીનો ખરીદી છે અને આ રીતે કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો. ખેતીની જમીનમાંથી ખેડૂતોનો હક નીકળી જાય એ પ્રકારની કામગીરી આખા ગુજરાતમાં થઈ રહી છે. સરકારે આ બિલમાં એવું જાહેર કર્યું કે જે પણ બિનખેડૂત વ્યક્તિ ખોટી રીતે જમીન ખરીદશે તો તેની પાસે જંત્રીના ત્રણ ગણા રૂપિયા દંડ રૂપે વસૂલવામાં આવશે. તો મેં આ બિલમાં કેટલાક સુધારા જણાવ્યા. જો કોઈ વ્યક્તિ ખોટી રીતે ખેતીની જમીન ખરીદે છે તો દંડની સાથે સાથે ખોટા ખેડૂતને અસલી ખેડૂત બનાવનાર અધિકારી વિરુદ્ધ પણ કાર્યવાહી થવી જોઈએ અને સજા થવી જોઈએ. દુઃખની બાબતે એ છે કે સરકારે મારો સુધારો માન્ય રાખ્યો નહીં. કોઈપણ બિન ખેડૂત માણસ ત્યારે જ ખેડૂત ખાતેદાર બની શકે જ્યારે એક સરકારી કર્મચારીની સહી થાય તો આ કામ કરવા માટે સરકારી માણસને સજા કેમ ન થાય?

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, મેં બીજો સુધારો જણાવ્યો કે તમે દંડ તો લઈ લેશો પરંતુ એ વ્યક્તિ જે ખેડૂત નથી એને ભવિષ્યમાં પણ ક્યારેય પણ ખેડૂત ખાતેદાર ન બનાવવામાં આવે એવો નિયમ બનાવવામાં આવે, તો આ રીતે મેં વિરોધ પક્ષના નેતા તરીકે મારો વિરોધ નોંધાવ્યો અને સુધારા જણાવ્યા. પરંતુ દુઃખ સાથે જણાવવું પડે છે કે ગુજરાતમાં ખેડૂત વિરોધી માનસિકતા ધરાવનાર બહુમતી ધરાવતી સરકારે ખેડૂતોને નુકસાન થાય, ખેત મજૂરો અને ગણોતિયાને નુકસાન થાય તેવું બિલ બહુમતીના જોરે વિધાનસભામાં પાસ કર્યું છે. તેના કારણે આવનારા સમયમાં કદાચ ગણોતિયાઓ અને ખેતી મજૂરી કરનારા અને ખેતીની જમીન ધારણ કરનારા લોકોને ખૂબ મોટી તકલીફ પડી શકે તેમ છે. સત્ર ચાલુ છે તો અમે આશા રાખીએ છીએ કે સરકારના મનમાં ખેડૂતો પ્રત્યે કોઈ ભાવ જાગે તો બીજી વખત આવો એક સુધારા વિધેયક એક લઈ આવે અને આ ખોટા કામોની સજા કરતું એક વિધેયક લઈને આવે.

# લીમખેડા તાલુકાના ઢઢેલા ગામ નજીક અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)દાહોદ

લીમખેડા તાલુકામાં ગત મોડી રાત્રે એક કાળજું કંપાવનારી માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. લીમખેડાના ઢઢેલા ગામ નજીક હાઈવે પર એક બેકાબૂ બનેલી SUV કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા ચાલક સહિત કુલ ત્રણ લોકોના કરુણ મોત નીપજ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો છે અને કારનું એન્જિન અકસ્માત સ્થળથી ૫૦ ફૂટ દૂર ફેંકાયું હોવાની વિગતો સામે આવી રહી છે, ત્યારે હાલ આ ભયાનક અકસ્માતના હચમચાવતા દ્રશ્યો સામે આવી રહ્યા છે, તો બીજી તરફ પોલીસે પણ ઘટના અંગે તપાસ શરૂ કરી છે.મળતી માહિતી મુજબ, આ ગમખ્વાર અકસ્માત દાહોદ લીમખેડાના ઢઢેલા ગામ નજીક ગતરાત્રિ (૧૬-૧૭ ફેબ્રુઆરીની વચ્ચે)ના આશરે બે વાગ્યાના સુમારે સર્જાયો હતો. જ્યાં મહારાષ્ટ્ર પાસિંગની એક SUV કાર પૂરપાટ ઝડપે લીમખેડા તરફ જઈ રહી હતી, ત્યારે ઢઢેલા ટર્નિંગ નજીક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર રોડની વચ્ચે આવેલા ડિવાઈડર સાથે એટલી જોરથી અથડાઈ હતી કે આખો વિસ્તાર ધડાકાથી ગુંજી ઉઠ્યો હતો.

અકસ્માતની ભયાનકનો અંદાજો એ વાત પરથી લગાવી શકાય છે કે, અકસ્માત સમયે ડિવાઈડર સાથે અથડાયા બાદ કાર રોડ પરથી ફંગોળાઈને અંદાજે ૨૦ ફૂટ નીચે આવેલા બાજુના ખેતરમાં જઈ ખાબકી હતી. એટલું જ નહીં, ટક્કર બાદ કારનું એન્જિન બોડીમાંથી અલગ થઈને રોડ પર ૫૦ ફૂટ જેટલું દૂર ફંગોળાયું હતું અને ગાડીના લોખંડના પતરાં પણ ફાટી ગયા હતા.

મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનચાલકો પણ થંભી ગયા હતા. અકસ્માત બાદ મધરાતે રોડ રસ્તરંજીત થયો હતો અને સ્થાનિક લોકોના ટોળેટોળા એકઠા થઈ ઘટનાસ્થળે બચાવ કાર્ય શરૂ કર્યું હતું, બાદમાં જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ખેતરમાં પડેલી કારમાંથી મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.આ ભયાનક રોડ અકસ્માતમાં કારમાં સવાર બે લોકોના શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. કારમાં સવાર અન્ય એક વ્યક્તિ એટલે કે ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો. જેને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ નસીબ જોગે તેનું પણ સારવાર દરમિયાન ટૂંકી જિંદગીમાં મોત નીપજ્યું હતું.

હાલની મળતી માહિતી મુજબ, આ અકસમાતમાં ઘટનાસ્થળે મૃત્યુ પામેલા બે લોકોના મૃતદેહોને લીમખેડા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, જ્યારે અકસ્માતગ્રસ્ત ચાલકનો મૃતદેહ દાહોદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ત્યારે કારમાં સવાર લોકો કોણ હતા અને ક્યાં જઈ રહ્યા હતા તે અંગે પોલીસ હાલ તપાસ કરી રહી છે. પ્રાથમિક દ્રષ્ટિએ વધુ ઝડપ અથવા ચાલકને ઝોકું આવી ગયું હોવાને કારણે અકસ્માત સર્જાયો હોવાની શંકા સેવાઈ રહી છે. ત્યારે લીમખેડા પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાડીના મહારાષ્ટ્ર પાસિંગના નંબરના આધારે મૃતકોના પરિવારજનોનો સંપર્ક કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. ઢઢેલા ટર્નિંગ પર વારંવાર સર્જાતા અકસ્માતોને લઈને પણ સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

# પોરબંદરના દરિયામાંથી મળ્યું અધધ ૨૦૦ કિલોથી વધુનું ડ્રગ્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત ATS અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સફળ હાઈ સીઝ નાર્કોટિક્સ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડે સાથે મળીને પોરબંદરના દરિયા વિસ્તારમાંથી ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. આ ડ્રગ્સના જથ્થાની સાથે બે લોકોની ધરપકડ કરવામાં આવી હોવાનું પણ સામે આવી રહ્યું છે. થોડા સમયમાં ગુજરાત એટીએસ ડ્રગ્સના જથ્થાની સાથે ઝડપાયેલા શખ્સોને પણ પોરબંદર લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ફરીથી એકવાર ડ્રગ્સ માફિયાઓએ ડ્રગ્સનો કાળો કારોબાર ચલાવવા માટે ગુજરાતના દરિયાનો ઉપયોગ કર્યો છે. જોકે, આ અંગે ગુજરાત છ્જી અને ભારતીય કોસ્ટ ગાર્ડને સફળ હાઈ સીઝ નાર્કોટિક્સ ઓપરેશનમાં સફળતા મળી છે. ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટ ગાર્ડે ૨૦૦ કિલોથી વધારેનું ડ્રગ્સ ઝડપાયું છે.

ડ્રગ્સ સાથે ઝડપાયેલા શખ્સો ઈરાન કે પાકિસ્તાનના હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. જોકે, આ લોકો ક્યાંથી આ ડ્રગ્સ લાવ્યા હતા અને આ જથ્થો ક્યાં પહોંચાડવાનો હતો તે અંગે હાલ તપાસ ચાલી રહી છે. આ તપાસ માટે એફએસએલની ટીમ પણ પહોંચી છે. નોંધનીય છે કે, ગુજરાતના દરિયાકાંઠેથી ડ્રગ્સ ઘુસાડવાની પ્રવૃત્તિની સાથે સાથે ગુજરાતમાં ગેરકાયદે સિન્થેટીક ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પણ ઝડપાઈ રહી છે. વર્ષ ૨૦૨૫માં જ ગુજરાતમાંથી ૨૨૪૦ કરોડ રૂપિયાની કિંમતનું સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ગેરકાયદે ધમધમતી અડધો ડઝન જેટલી ફેક્ટરીઓ પકડી પાડવામાં આવી હતી. આ ફેક્ટરીઓમાંથી ૨૨૪૦ કરોડ રૂપિયાનું ૨૦૮૨૩ કિલો સિન્થેટીક ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું છે. છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી કુલ ૧૩,૯૩૯ કરોડ રૂપિયાની કિંમતનું ૧.૭૪ લાખ કિલો સિન્થેટીક ડ્રગ્સ એજન્સીઓએ પકડી પાડ્યું છે.

# ગુજરાત વિધાનસભા સત્રના બીજા દિવસે ચૈતર વસાવાના ધારદાર સવાલ : એસઓયુના ગ્રીન કોરીડોર મુદ્દે આપી માહિતી : આદિવાસી વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે મંગળવારે ગાંધીનગરમાં બજેટસત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા , જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવા અને ગારીયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી વિધાનસભામાં ઉપસ્થિત રહી વિવિધ મુદ્દે સરકારને ઘેરવા પ્રયાસ કર્યા હતા. પોતાના મતવિસ્તારના પ્રશ્નોની રજુઆત કરવા બાબતે મીડીયા સાથે વાતચીત કરી હતી.




જેમાં તેમણે આદિવાસી વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકો મામલે સવાલો કર્યા હતા. સાથે જ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા સાથે જોડતા ગ્રીનકોરીડોર પ્રોજેકટ મુદ્દે પણ વાતચીત કરી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે સુરપાણેશ્વર અભિયારણ્ય વિસ્તારને સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા સાથે જોડતા ગ્રીન કોરીડોર પ્રોજેકટ અંગે ૨૧ ગામોની ગ્રામ સભાઓએ ૪ વખત સર્વાનુમતે અસંમતીના ઠરાવો પસાર કર્યા છે. તેમ છતાં આદિવાસી ખેડુતોની જમીન યોગ્ય વળતર વિના સંપાદીત કરવાની પ્રક્રિયા ચાલતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યુ હતુ કે વિકાસના નામે એક ઈંચ પણ જમીન આપવામાં આવશે નહી, ચૈતર વસાવાએ વધુમાં પ્રશ્ન નં. ૫૫ અંગે જણાવ્યુ હતુ કે નર્મદા થી પાણી પુરવઠા માટે ઝરવાણી યોજના છેલ્લા ૩ વરસથી ચાલી રહી છે. ૫૪ ગામોને પાણી આપવાનો દાવો કરીને કરોડો રૂપીયાના બીલ ચુકવવામાં આવ્યા છે. છતાં એકપણ ગામને પાણી મળ્યુ નથી. હાલમાં પણ તાત્કાલીક પાણી મળશે એવી વાત કરવામાં આવી રહી છે. પરંતુ આ ભ્રષ્ટાચારનુ ઉદાહરણ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે અનેક પાણી પુરવઠા યોજનાઓ કાગળ પર પૂર્ણ બતાવવામાં આવે છે. પરંતુ જમીન પર લોકોને તેનો લાભ મળતો નથી. સરકાર દ્વારા આ તમામ મુદ્દાઓ પર સ્પષ્ટતા અને જવાબદારી નકકી કરવાની માંગ કરવામાં આવી હતી.

આજે વિધાનસભામાં તેમના તારાંકીત પ્રશ્ન નં. ૨૩ ના જવાબમાં સરકાર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે નર્મદા જિલ્લામાં ૧૧૨૫૩ અને દાહોદ જિલ્લામાં ૧૯૫૯૪ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે એક તરફ ગુજરાત મોડલ અને વિકાસની વાતો થાય છે, જયારે બીજી તરફ આદિવાસી વિસ્તારોમાં હજારો બાળકો કુપોષણનો ભોગ બની રહયા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે મોટા સરકારી કાર્યક્રમોમાં નાસ્તા, મંડપ, સ્ટેજ અને ભીડ એકઠી કરવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ આંગણવાડીઓના બીલ, ગરમ નાસ્તા અને ફળોની ચુકવણી માટે ગ્રાન્ટ નથી એવી દલીલ કરવામાં આવે છે. તેમના જણાવ્યા મુજબ છેલ્લા ૩૦ વરસમાં કુપોષણ દુર કરવા માટે કોઈ સચોટ આયોજન કે અસરકારક કાર્યક્રમ અમલમાં મુકાયો નથી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે બાળકો માટે આવતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થતો નથી.

# વડોદરાની બ્રાઈટ સ્કુલના જ વિદ્યાર્થીએ પોતાની જ શાળાને બોમ્બ થી ઉડાવી દેવા કર્યો હતો ઈમેઈલ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે ફરી ગુજરાતના વિવિધ શહેરોમાં બોમ્બ ધડાકા કરવાની ધમકી ઈમેઈલ દ્વારા મળી હતી. ઈમેઈલ દ્વારા મળેલી આ ધમકીને પગલે પોલીસે ગંભીરતા થી લીધી છે. જેની તપાસ કરતા વડોદરામાં કંઈક નવો જ વળાંક આવ્યો છે. વડોદરાની એક શાળામાં ભણતા વિદ્યાર્થીએ પ્રેંક કરવા માટે પોતાની જ શાળાને બોમ્બ ની ધમકી આપતો ઈમેઈલ કર્યો હતો. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમારે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અત્યાર સુધી બોમ્બ વિસ્ફોટ ની ધમકીભર્યા ઈમેઈલ વિદેશના આઈપી એડ્રેસ પરથી મોકલવામાં આવી રહયા છે. પરંતુ પોલીસે બોમ્બ વિસ્ફોટની ધમકીને લઈને કરેલ ગંભીરતા પૂર્વકની તપાસમાં ચોંકાવનારો ખુલાસો બહાર આવ્યો છે.





વડોદરાના કારેલીબાગની બ્રાઈટ સ્કુલને ધમકીભર્યા ઈમેઈલ મળ્યાનો મામલે પોલીસને સફળતા પણ સાંપડી છે. વડોદરા પોલીસે બોમ્બ વિસ્ફોટ અંગેના ધમકીભર્યા ઈમેઈલની તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે વડોદરા શહેરના જ એક સગીરે આ ઈમેઈલ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. બ્રાઈટ સ્કુલમાં અભ્યાસ કરતા એક સગીરે કર્યો હતો ધમકીભર્યો ઈમેઈલ, શાળાના જ વિદ્યાર્થી એવા સગીરે પ્રેંક કરવા મેઈલ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. સમગ્ર મામલે મેઈલ મોકલનાર સગીર અને તેના માતા પિતાને પોલીસે બોલાવ્યા હતા.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમારે જણાવ્યુ હતુ કે અત્યાર સુધી કોઈપણ સ્થળે થી વાંધાજનક ચીજ વસ્તુ મળી આવી નથી. બોર્ડ ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓએ ચિંતા કરવાની જરૂર નથી. નાગરીકોની સુરક્ષા માટે શહેર પોલીસ સજ્જ છે.

# ગુજરાત રાજયમાં આજે એસઆઈઆરની કામગીરી બાદ ફાઈનલ મતદાર યાદી જાહેરઃ કુલ ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા અને ૩.૯૫ લાખ નામ કમી કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી એસઆઈઆર ને લઈને સતત વિવાદો ચાલી રહ્યા છે. છેલ્લા ૩ મહિનાથી આ એસઆઈઆર ની કામગીરી ચાલી રહી છે જે બાદ આજે ૧૭ મી ફેબ્રુઆરી બુધવારે ફાઈનલ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. આ સાથે જ મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ કાઢવા સંબંધી હકક વાંધા દાવાઓ ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તારીખ ૧૦ મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ચુંટણી અધિકારીઓ




દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેનો નિકાલ પણ કરવામાં આવ્યો હતો. રાજય મુખ્ય ચુંટણી અધિકારી હારીત શુકલાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગુજરાત રાજયના તમામ નાગરીકો આ ઝુંબેશમાં અભુતપૂર્વ સહકાર આપવા બદલ આભાર અને અભિનંદનના હક્કદાર છે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ૩૪ જિલ્લા ચુંટણી અધિકારી , ૧૮૨ મતદાર નોંધણી અધિકારી, ૮૫૫ સહાયક મતદાર નોંધણી અધિકારી, ૫૦૯૬૩ બીએલઓ તથા અનેક સ્વયંસેવકોની સક્રિય સહભાગીતા રહી છે. રાજયના મતદારોનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો છે. મીડીયા, રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનોનો પણ સહકાર મળ્યો છે. જેના ફળ સ્વરૂપ નિયત સમય મર્યાદામાં કુલ ૫ કરોડ ૮ લાખ ૪૩ હજાર ૪૩૬ મતદારો પૈકી ૪ કરોડ ૩૪ લાખ, ૭૦ હજાર, ૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા હતા. આ તમામ ગણતરી ફોર્મનુ સંપૂર્ણ ડીઝીટાઈઝેશન કરવામાં આવ્યુ હતું. દરેક રાજકીય પક્ષને પણ આ મામલે અપીલ કરવામાં આવી છે અને કહ્યુ છે કે દરેક પક્ષ આ બંને યાદીની બારીકાઈથી ચકાસણી કરે અને તારીખ ૧૮ મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં જો કોઈ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને, નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સંબંધીત ચુંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજુઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીનમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.

# જમીન રી-સર્વે મુદ્દે ગુજરાતમાં રાજકીય ધમસાણ : સરકાર શ્વેતપત્ર બહાર પાડેઃ અમિત ચાવડાના આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં લાંબા સમયથી ચાલી રહેલા જમીન રી-સર્વે ના વિવાદે ફરી એકવાર વેગ પકડયો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ગાંધીનગર ખાતેથી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા આક્ષેપ કર્યો હતો કે સરકાર જમીન માપણીના નામે જનતાને ગેરમાર્ગે દોરી રહી છે અને વાસ્તવિક માહિતી છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. એજન્સીઓ પર ફોડના આક્ષેપ અને કચેરીઓમાં પેન્ડીંગ અરજીઓ અંગે અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧ માં રી -સર્વેની કામગીરી માત્ર વાહવાહી મેળવવા માટે શરૂ કરવામાં આવી હતી.



જામનગર અને બનાસકાંઠાને પાયલોટ પ્રોજેકટ તરીકે લેવાયા હતા. પરંતુ જમીન માપણી કરનારી એજન્સીઓએ ક્ષેત્ર પર જવાને બદલે ઓફીસમાં બેઠા બેઠા જ નકશા તૈયાર કર્યા છે. આ ફ્રોડ કામગીરીને કારણે જમીનના ખોટા નકશા બન્યા છે. જેના લીધે ખેડુત પરીવારોમાં ભાઈ ભાઈ વચ્ચેના ઝઘડા વધ્યા છે. કોંગ્રેસ નેતાએ વધુમાં ઉમેર્યુ હતુ કે સરકારે ૧૦૦ દિવસમાં ભુલો સુધારવાનો વાયદો કર્યો હતો. જે આજે બે વરસ બાદ પણ અધુરો છે. મહિસાગર જિલ્લામાં જ ૮૦ ટકા જેટલી ખેડુતોની અરજીઓ હજુ પણ કચેરીઓમાં ધુળ ખાઈ રહી છે. વધુમાં તેમણે ડીએલઆર અને એસએલઆર કચેરીઓમાં ભ્રષ્ટાચારના કારણે ખેડુતોની જમીનો ભુમાફીયાઓના નામે ચઢી રહી છે અને સરકારી જમીનો ખાનગી વ્યકિતઓના નામે થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો પણ કર્યા હતા.

કોંગ્રેસે માંગ કરી હતી કે જયારે આ વિભાગ સીધો મુખ્યમંત્રીના હસ્તક હોય ત્યારે સરકારે જમીન રી-સર્વેની ગંભીર ભુલો સ્વીકારીને તેના પર તાત્કાલીક શ્વેતપત્ર બહાર પાડવુ જોઈએ.

સામોર અને પીપળ ગામના રી-સર્વેનુ ઉદાહરણ આપતા તેમણે જણાવ્યુ હતુ કે જો બે ગામના સર્વે માં ૨૮ દિવસ લાગતા હોય તો સમગ્ર ગુજરાતની કામગીરી માં મોટી લાપરવાહી થઈ હશે તે વિચારી શકાય છે. ખેડુતોની લાખો પેન્ડીંગ અરજીઓ નો ત્વરીત નિકાલ કરવામાં આવે તેવી માંગ સાથે કોંગ્રેસે સરકારને ઘેરી હતી.

# વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો પોસ્ટરો સાથે આવ્યા: અધ્યક્ષે કહયું વિધાનસભાના નિયમો વાંચીને આવો : ટકોર કરીન બેસાડી દીધા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના સત્રના બીજા દિવસે ગૃહમાં ગરમા ગરમીનો માહોલ જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો જેમાં ચૈતર વસાવા અને ગોપાલ ઈટાલીયા સામેલ હતા. પોસ્ટર સાથે ગૃહમાં હાજર રહ્યા હતા, તેઓ ગૃહની કાર્યવાહીના લાઈવ પ્રસારણની માંગ કરી રહયા હતા. વિધાનસભાના નિયમો વાંચીને આવો તેવુ અધ્યક્ષે કહ્યુ હતું.

આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા પોસ્ટર બતાવી માંગ કરવામાં આવી હતી કે ગૃહમાં થોડીવાર માટે હોબાળો સર્જાયો હતો. પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને અધ્યક્ષે કડક વલણ અપનાવ્યુ હતું અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને ગૃહની શિસ્તતા જાળવવાની હાંકલ કરી હતી. વિધાનસભાના નિયમો વાંચીને આવો એવી ટકોર પણ અધ્યક્ષ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યક્ષની સુચના મુજબ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો પોતાની બેઠકે બેસી ગયા હતા. ગુજરાતનો દરીયાકિનારો વધ્યો, આ દરમિયાન ભાજપના ધારાસભ્ય ભગા બારડે એક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. નવા સર્વે મુજબ ગુજરાતનો દરીયા કિનારો ૭૨૦ કિ.મી. જેટલો વધ્યો હોવાનુ જણાવ્યુ હતું.

પરીણામે હવે રાજયના દરીયાકાંઠાની કુલ લંબાઈ ૨૩૨૦ કિ.મી. નોંધાઈ છે. આ આંકડાને લઈને ગૃહમાં ચર્ચા પણ થઈ હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા લાઈવ પ્રસારણની માંગ વિધાનસભામાં કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાએ રાજકીય તાપમાન વધારી દીધુ હતું. એક તરફ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા લાઈવ પ્રસારણની માંગ પર અડગ રહયા હતા. તો બીજી તરફ અધ્યક્ષે ગૃહની પરંપરા અને નિયમોનુ પાલન કરવાનુ મહત્વ સમજાવ્યુ , આખરે ગૃહની કામગીરી નિયમિત રીતે આગળ વધારવામાં આવી હતી.

# કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત લથડીઃ હ્રદયમાં ૯૦ ટકા બ્લોકેજઃ કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત અચાનક લથડતા તેમને તાત્કાલીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગઈ કાલે સોમવારે રાત્રે તેઓ પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં ભારે દબાણ અને અસહ્ય દુ:ખાવો અનુભવાયો હતો. પરીવારજનો દ્વારા તાત્કાલીક તેમને સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. ૯૦ ટકા જેટલુ ગંભીર બ્લોકેજ હોસ્પીટલમાં કાર્ડીયોલોજીસ્ટ ની ટીમ દ્વારા તેમની એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી.



તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે તેમના હ્રદયની મુખ્ય નળીયો પૈકીની એક માં આશરે ૯૦ ટકા જેટલુ ગંભીર બ્લોકેજ હોવાનુ જાણવા મળ્યુ હતું. આ રીપોર્ટ બહાર આવતા ડોકટરોએ પરીસ્થિતિને ગંભીર ગણાવી જરૂરી સારવાર શરૂ કરી હતી. કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ છે. હાલમાં તેમની તબિયત સ્થિર હોવાનુ ડોકટરો દ્વારા કહેવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં બ્લોકેજ દુર કરવા માટે સ્ટેન્ડ મુકવુ કે અન્ય કોઈ સારવાર અપનાવવી તે અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. તબીબી ટીમ સતત તેમની સ્થિતિ પર નજર રાખી રહી છે.

ઈમરાન ખેડાવાલાની તબિયત અંગેના સમાચાર મળતા જ તેમના મતવિસ્તારના લોકો તેમજ કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ ગઈ છે. કોંગ્રેસના આગેવાનો પણ હોસ્પીટલ ખાતે દોડી આવ્યા હતા અને તેમની ખબરઅંતર પુછવા માટે ટોળેટોળા હોસ્પીટલે ઉમટી પડયા હતા અને પરીવારજનોને ધીરજ આપી હતી. હાલમાં તેમની સ્થિતિ નિયંત્રણમાં હોવાનુ જણાવાઈ રહ્યુ છે અને તેઓ સારવાર હેઠળ છે. તેમના સમર્થકો અને કાર્યકરો તેમની વહેલીતકે તંદુરસ્તી માટે મસ્જીદોમાં દુવાઓ શરૂ કરી છે.

# ગુજરાતમાં સરકારે નોકરીના કલાકો ૯ થી વધારી ૧૦ કર્યાઃ મહિલાઓને નાઈટ શીફટ કરવાની છુટઃ ઓવર ટાઈમના કલાકોમાં પણ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજય પત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમનુ સુધારા વિધેયક આજે મંગળવારે રજુ કરવામાં આવ્યુ હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતું.

ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિશે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમ ૨૦૧૯ માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઉભી કરવા, ધંધો કરવા માટે સાનુકુળ વાતાવરણ પુરૂ પાડવા , વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પુરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજીસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી હતી તેવુ મંત્રીએ કહ્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનુ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેવુ જણાવતા મંત્રી બાવળીયાએ કહ્યુ હતુ કે આજના આધુનિક સમયની માંગ મુજબ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજયની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરીસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલીકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમ ૨૦૧૯ માં સુધારો કરવા અંગેનો વિધેયક લાવવામાં આવ્યો છે.



મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે.

આમ જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦ થી ઓછા શ્રમ યોગીઓ / કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી. પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરીણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટઅપ્સને આગળ વધવામાં વેગ મળશે. મંત્રી બાવળીયાએ વધુમાં કહ્યુ હતુ કે સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાક થી વધારીને ૬ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત ઓવરટાઈમ કરવાની મહત્તમ મર્યાદા ૩ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે. જેનાથી ઉત્પાદકતામા વધારો થશે, ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થતા શ્રમયોગીઓની નફામાં સહભાગીતા વધશે અને તેમની આર્થિક સુખાકારીમા વધારો થશે.

મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનુ પ્રદાન ઝડપભેર વધી રહયુ છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ , રાત્રી ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ ,સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતિય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા લઈ જવાની વ્યવસ્થા માલીક દ્વારા પુરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા યોગીઓને રાત્રીના ૯ કલાક થી સવાર ના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.

આમ કામના સ્થળ પર મહિલાની ગરીમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજય સરકારે આ કાયદામાં કરી છે.

# ક્રિપ્ટો કરન્સીના નામે ૧૦૦ લોકોને ચૂનો લગાડનાર અમદાવાદથી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ક્રિપ્ટોકરન્સીના નામે રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી આચરનારા તત્વો સામે લાલ આંખ કરતા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે. મુંબઈના દહિસર વિસ્તારમાં ૧૦૦થી વધુ રોકાણકારો સાથે છેતરપિંડી કરી રફુચક્કર થઈ ગયેલા વોન્ટેડ આરોપી સુજીત શંકરરાવ જાદવને અમદાવાદ એરપોર્ટ પરથી દબોચી લેવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ધરપકડ કરાયેલ ૪૭ વર્ષીય આરોપી સુજીત જાદવ, જે વ્યવસાયે સોફ્ટવેર પ્રોફેશનલ છે, તે છેલ્લા બે વર્ષથી પોલીસની પકડથી દૂર હતો. તેની સામે મુંબઈના દહિસર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) અને મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (MPID)એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો. તે મૂળ મહારાષ્ટ્રના સતારાનો વતની છે પરંતુ હાલમાં અમદાવાદના નરોડા વિસ્તારમાં આશ્રય લઈ રહ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બહાર આવ્યું છે કે, વર્ષ ૨૦૨૧માં જાદવે તેના સહયોગીઓ સાથે મળીને દહિસરમાં એક ઓફિસ શરૂ કરી હતી. તે ચલણ રોકાણ પેઢીના નામે લોકોને લાલચ આપતો હતો. આ ઉપરાંત રોકાણ કરેલી રકમ પર ટૂંકા સમયમાં ૪ ગણું વળતર આપવાનું વચન.

આ માયાજાળમાં ફસાઈને ૧૦૦થી વધુ લોકોએ કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. ભંડોળ એકઠું થયા બાદ આરોપીઓ ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ટેકનિકલ સર્વેલન્સ અને મુંબઈ પોલીસ સાથેના સંકલનથી બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી એરપોર્ટ પર આવવાનો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને જાદવ જેવો એરપોર્ટ પહોંચ્યો કે તરત જ તેને ઝડપી પાડવામાં આવ્યો હતો.